પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૩૫ ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૨, ગુરૂવાર; મહા વદ - ૧ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# હાશ, મહાયુદ્ધનો ખતરો ટળ્યો

**રશિયાએ ક્રીમિયા સરહદે મિલિટ્રી ડ્રીલ સમાપ્ત કરી, સેના પાછી હટાવી : યુએસ રાષ્ટ્રપતિની ચેતવણી બાદ રશિયા કુણૂં પડ્યું : રશિયાએ યુક્રેન સરહદ પર તૈનાત કેટલીક ટુકડીઓને પરત બોલાવાયાની માહિતી આપી હતી જે યુદ્ધ ટળ્યાના પહેલા નિશાન સમાન કહી શકાય**



નવી દિલ્હી, તા.૧૬

રશિયા અને યુક્રેનની વચ્ચે તણાવની વચ્ચે રાહતના સમાચાર આવ્યા છે કે, યુક્રેનની સરહદ પર રશિયાએ પોતાના સેનાનો અભ્યાસ પૂરો કરી લીધો છે. રશિયાએ જાહેરાત કરી કે, તેમની સેના સરહદ પરથી પરત ફરી રહી છે. સમાચાર એજન્સી છર્હ્ઠ એ આ માહિતી આપી છે. આ પહેલા રશિયાએ મંગળવારે કહ્યુ હતુ કે, સૈન્ય અભ્યાસમાં ભાગ લઈ રહેલ સૈન્ય ટુકડીઓને પરત બોલાવી લીધી છે. સૈનિકોની ટુકડીઓ પોતાના સૈન્ય અડ્ડા પર પરત ફરી રહી છે. જોકે, હવે પશ્ચિમી દેશો પર નજર રાખનારા જાણકારોનુ માનવુ છે કે, રશિયા કોઈ પણ ક્ષણે યુક્રેન પર હુમલો કરી શકે છે.

આ જાહેરાત સાથે જ રશિયાએ યુક્રેન પર આક્રમણનો ઈક્નાર કર્યો છે. અમેરિકાની ચેતવણીની રશિયા પર ગંભીર થઈ હોય તેવુ સ્પષ્ટ દેખાય છે. અમેરિકાએ રશિયાને ચેતવણી આપી હતી કે, તેને યુદ્ધની ભારે કિંમત ચૂકવવી પડશે.

અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડેને બ્રિટિશ મીડિયામાં ખુલાસા વચ્ચે કહ્યુ હતુ કે, જો રશિયા યુક્રેન પર હુમલો કરે છે તો તબાહી માટે તે ખુદ જવાબદાર હશે. કેમ કે, અમેરિકા આ

● અનુસંધાન પાન-૭ પર

## વિશ્વમાં ક્રૂડ ઓઈલના ભાવ ૧૦૦ ડોલરને પાર કરે તેવી સંભાવના

**ક્રૂડ ઓઈલના વધતા ભાવ ભારત માટે ચિંતાની બાબત : અત્યારે ફંડામેન્ટલ પરિબળોને ધ્યાનમાં લેવામાં આવે તો ક્રૂડનો ભાવ ૮૦થી ૮૫ ડોલર વચ્ચે જ હોવો જોઈએ**

મુંબઈ, તા.૧૬

ઈન્ટરનેશનલ માર્કેટમાં ક્રૂડ ઓઈલના ભાવ કૂદકેને ભૂસકે વધી રહ્યા છે, જે ભારત જેવા દેશ માટે મોટી ચિંતાનું કારણ છે. ભારત મોટા ભાગે ઓઈલની આયાત પર નિર્ભર હોવાથી ક્રૂડના ભાવમાં જેટલો વધારો થાય તેટલા પ્રમાણમાં ભારતે નુકસાન ભોગવવું પડે છે. રશિયા- યુક્રેન કટોકટીના કારણે ક્રૂડ ઓઈલનો ભાવ ઈન્ટરનેશનલ માર્કેટમાં ૯૬ ડોલર સુધી પહોંચી ગયો હતો અને પછી ઘટીને ૯૪ ડોલર થયો છે. પરંતુ આ ભાવ ગમે ત્યારે બેરલ દીઠ ૧૦૦ ડોલરને પાર કરી જશે તેમ માનવામાં આવે છે.





ક્રૂડના ભાવનો આધાર હવે ઈરાન ડીલ પર રહેલો છે. નિષ્ણાતોના કહેવા પ્રમાણે ત્રણ સપ્તાહની અંદર ઈરાન સાથે અણુશસ્ત્રો અંગે સોદો કરવામાં નહીં આવે તો ક્રૂડના ભાવમાં ફરી આગ લાગશે અને ભારતની રાજકોષીય ખાધમાં જંગી વધારો થશે. આ શક્યતાને ધ્યાનમાં રાખીને ભારત સરકારની ઉંઘ હરામ થઈ ગઈ છે. કન્સલ્ટિંગ ગ્રૂપ એફજીઈના સ્થાપક અને ચેરમેન ફેરિડન ફેશારાકીએ ક્રૂડના ભાવમાં ત્રણ સપ્તાહની અંદર વધારાની આગાહી કરી છે. તેમણે એમ પણ કહ્યું કે ભારત સરકાર ગ્રીન એનર્જી પર ઘણી આશા રાખે છે પરંતુ આ ગણતરી ખોટી સાબિત થઈ શકે છે.

એક મુલાકાતમાં તેમણે કહ્યું કે અત્યારે ફંડામેન્ટલ પરિબળોને ધ્યાનમાં લેવામાં આવે તો ક્રૂડનો ભાવ ૮૦થી ૮૫ ડોલર વચ્ચે જ હોવો જોઈએ. કારણ કે અત્યારે ફેબ્રુઆરી ૨૦૨૨ ચાલે છે અને ક્રૂડની ડિમાન્ડ ૨૦૧૯ના સ્તરે છે.

## હિજાબ મામલે તાજમહેલની બહાર હોબાળો

**મધ્યપ્રદેશમાં કેટલાક સ્થળ પર સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા, વહીવટીતંત્રએ તપાસ માટેના આદેશ આપ્યા**

બેંગલુરૂ, તા.૧૬

કર્ણાટકથી ઉઠેલી હિજાબ વિવાદની આગ હવે દેશના અન્ય રાજ્યો સુધી પહોંચી ચૂકી છે. હિજાબ વિવાદને લઈને ઉત્તર પ્રદેશના આગ્રામાં તાજમહેલની બહાર હોબાળો મચ્યો. આ સિવાય મધ્યપ્રદેશમાં કેટલાક સ્થળ પર સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા. વહીવટીતંત્રએ તપાસના આદેશ આપ્યા છે. હિજાબ વિવાદને લઈને આગ્રામાં હોબાળો મચ્યો. મીડિયા રિપોર્ટ અનુસાર વીએચપી સાથે જોડાયેલા લોકો તાજમહેલની અંદર ભગવો પહેરીને હનુમાન ચાલીસા વાંચવા લાગ્યા. જોકે, પોલીસે તેમને રોક્યા. દુર્ગા વાહિનીની ક્ષેત્રીય સંયોજિકાએ કહ્યુ કે હિજાબના સમર્થનવાળા લોકો કાલે કહેશે નમાજ સ્કુલમાં પઢીશુ પરંતુ દેશમાં એવુ ચાલશે નહીં. પ્રદર્શન કરી રહેલી મહિલાઓનુ કહેવુ છે કે જ્યારે હિજાબ પહેરીને સ્કુલ જઈ શકીએ છીએ તો ભગવા પહેરીને તાજમહેલ કેમ ના જઈ શકીએ.

આ સિવાય અલીગઢમાં હિજાબના વિરોધમાં ભગવા પહેરીને વિદ્યાર્થી ડીએસ ડિગ્રી કોલેજ પહોંચ્યા. વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓનુ કહેવુ છે કે જો કોલેજ પરિસરમાં વિદ્યાર્થિનીઓ હિજાબ પહેરીને આવશે તો અમે ભગવો પહેરીને આવીશુ. વિદ્યાર્થિનીઓએ હિજાબ પર પ્રતિબંધ લગાવવા માટે પ્રોક્ટરને આવેદન પણ સોંપ્યુ.

## લાલ કિલ્લા પર ઝંડો ફરકાવવાના કેસના આરોપી દીપ સિધ્ધુનું મોત

**દીપ સિદ્ધુ કાર ડ્રાઈવ કરી રહ્યા હતા અને તેમની સ્કોર્પિયો ટ્રકમાં ઘૂસી ગઈ હતી : પોલીસ ટ્રક ડ્રાઈવરને શોધી રહી છે**



નવી દિલ્હી, તા.૧૬

પંજાબી અભિનેતા દીપ સિદ્ધુનું મંગળવારે રાતે રોડ અકસ્માતમાં મૃત્યુ થયું છે. દુર્ઘટના સમયે એક મહિલા મિત્ર પણ તેમના સાથે કારમાં હતી. હાલ તેણી હોસ્પિટલમાં છે અને તેનું સ્વાસ્થ્ય સારૂં છે. જાણવા મળ્યા મુજબ રાતે આશરે ૦૯:૩૦ કલાક આસપાસ આ દુર્ઘટના બની હતી. દુર્ઘટના બાદ પોલીસ ટ્રક ડ્રાઈવરને શોધી રહી છે અને દીપની મહિલા મિત્રની પુછપરછ ચાલુ છે.

ઉલ્લેખનીય છે કે, ખેડૂત આંદોલન દરમિયાન દિલ્હીમાં જે હિંસા ભડકી તે સમયે દીપ સિદ્ધુ ચર્ચામાં આવ્યા હતા. લાલ કિલ્લા પર ઝંડો ફરકાવવાના અને હિંસા ભડકાવવાના આરોપસર તેમના વિરૂદ્ધ કેસ નોંધાયો હતો.

દીપ સિદ્ધુ દિલ્હીથી બઠિંડા જઈ રહ્યા હતા ત્યારે હરિયાણા ખાતે વેસ્ટર્ન પેરીફેરલ એક્સપ્રેસ વે પર ખરખૌદા પાસે આ અકસ્માત થયો હતો. ગાડીમાં તેમના સાથે તેમની એનઆરઆઈ મિત્ર રીના રાય પણ હતી. દીપ સિદ્ધુ પોતે જ કાર ડ્રાઈવ કરી રહ્યા હતા અને તેમની સ્કોર્પિયો એક ટ્રકમાં ઘૂસી ગઈ હતી. દુર્ઘટના બાદ દીપને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો જ્યાં તેમને બ્રોટ ડેડ ઘોષિત કરવામાં આવ્યા હતા. અકસ્માત એટલો ગમખ્વાર હતો કે, સિદ્ધુની ગાડી

● અનુસંધાન પાન-૭ પર

## ગાયક-સંગીતકાર બપ્પી લહેરીનું ૬૯ વર્ષની વયે નિધન

**બપ્પી દાએ સિનેમામાં ડિસ્કો મ્યૂઝિકને લોકપ્રિય બનાવ્યું : મુંબઈની હોસ્પિટલમાં છેલ્લા મહિનાની બપ્પી લહેરીની સારવાર ચાલી રહી હતી, મંગળવારે ફરી તબિયત બગડી**

મુંબઈ,તા.૧૬

જાણીતા ગાયક-સંગીતકાર બપ્પી લહેરીનું અવસાન થયું છે. હિન્દી સિનેમામાં ડિસ્કો મ્યૂઝિકને લોકપ્રિય બનાવનારા સંગીતકાર બપ્પી લહેરીએ ૬૯ વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે, તેમણે મુંબઈની એક હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા છે. ન્યૂઝ એજન્સી સાથેની વાતચીતમાં ડૉક્ટરે આ વાતની પુષ્ટિ કરી છે. પ્રેમથી તેઓ બપ્પી દા તરીકે જાણીતા હતા. બપ્પી દાના ગીતો જેટલા લોકપ્રિય હતા તેટલો જ તેમનો સોના પ્રત્યેનો પ્રેમ પણ જાણીતો હતો. તેમના ગળામાં હંમેશા સોનાના આભૂષણો જોવા મળતાં. માત્ર ગળા જ નહીં તેમની આંગળીઓ અને હાથમાં પણ આભૂષણ પહેરતા હતા. મીડિયા રિપોર્ટ પ્રમાણે, બપ્પી લહેરી મુંબઈની ઑષ્ઠિટ્ઠી હોસ્પિટલમાં દાખલ હતા. હોસ્પિટલના ડાયરેક્ટર ડૉ. દીપક નામજોશીએ જણાવ્યું કે, બપ્પી દા એક મહિનાથી હોસ્પિટલમાં દાખલ હતા. સોમવારે (૧૪ ફેબ્રુઆરી)એ તેમને ડિસ્ચાર્જ કરાયા હતા પરંતુ મંગળવારે તેમની તબિયત બગડી હતી. જે બાદ પરિવારે ડૉક્ટરને ઘરે બોલાવ્યા હતા. ત્યાંથી તેમને હોસ્પિટલમાં શિફ્ટ કરાયા હતા. ડૉક્ટરનું માનીએ તો, બપ્પી દાને સ્વાસ્થ્ય સંબંધિત ઘણી તકલીફો હતી. મીડિયા રિપોર્ટ અનુસાર, બપ્પી દાનું અવસાન જીઇછના કારણે થયું છે. બપ્પી લહેરીના અવસાનથી બોલિવુડમાં શોકની લહેર ફરી વળી છે. સોશિયલ મીડિયા પર સેલેબ્સ ડિસ્કો કિંગને યાદ કરીને ભાવભીની શ્રદ્ધાંજલિ આપી રહ્યા છે. બપ્પી લહેરીના અવસાનના સમાચાર સાંભળ્યા બાદ ફિલ્મમેકર અશોક પંડિતે ટ્વિટ કરતાં લખ્યું, રોકસ્ટાર બપ્પી લહેરીજીના અવસાનના સમાચાર સાંભળીને આઘાતમાં છું. વિશ્વાસ નથી થતો કે મારા પાડોશી હવે આ દુનિયામાં નથી રહ્યા. તમારું સંગીત હંમેશા અમારા દિલમાં રહેશે. મહત્વનું છે કે, ૬ ફેબ્રુઆરીએ સૂર સામ્રાજ્ઞી લતા મંગેશકરનું નિધન થયું હતું. તેમના નિધનના આઘાતમાંથી બહાર નહોતા આવ્યા ત્યાં જ બપ્પી લહેરીનું અવસાન થતાં ફિલ્મ ઈન્ડસ્ટ્રી શોકમાં ડૂબી છે.



## ડોભાલના ઘરમાં ઘૂસવાનો પ્રયાસ કરનાર ઝડપાયો

**શરૂઆતની તપાસમાં શખ્સ માનસિક રીતે પરેશાન લાગી રહ્યો છે, પકડાયા બાદ તે વ્યક્તિ બડબડ કરી રહ્યો હતો**

નવી દિલ્હી, તા.૧૬

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલના ઘરમાં એક શખ્સે ઘૂસણખોરીનો પ્રયત્ન કર્યો છે. મળતી માહિતી અનુસાર શખ્સે સવારે લગભગ ૭ વાગીને ૪૫ મિનિટે કાર લઈને અજીત ડોભાલના ઘરે ઘૂસવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ ત્યાં હાજર સુરક્ષાકર્મીઓએ યોગ્ય સમય પર તે શખ્સને રોકીને ધરપકડ કરી લીધી. શરૂઆતી તપાસમાં શખ્સ માનસિક રીતે પરેશાન લાગી રહ્યો છે. હાલ પૂછપરછ ચાલુ છે.

પોલીસના જણાવ્યા અનુસાર, પકડાયા બાદ તે વ્યક્તિ થોડો બડબડ કરી રહ્યો હતો. તે કહી રહ્યો હતો કે તેની બોડીમાં કોઈએ ચિપ લગાવી દીધી છે અને તેને રિમોટથી કંટ્રોલ કરવામાં આવી રહ્યો છે. જોકે, તપાસમાં તેમની બોડીમાંથી કોઈ ચિપ મળી નહીં. એનએસએ અજીત ડોભાલની સુરક્ષા સીઆઈએસએફ કરે છે. તેમને ગૃહ મંત્રાલય તરફથી ઝેડ કેટેગરીની સુરક્ષા મળી છે.

ધરપકડ કરાયેલો શખ્સ કર્ણાટકના બેંગલુરુનો રહેવાસી



છે. તેમનુ નામ શાંતનુ રેડ્ડી છે. તેઓ નોઈડાથી રેડ કલરની જીંફ કાર ભાડે લઈને અજીત ડોભાલના ઘરે પહોંચ્યા હતા. કારને અંદર ઘૂસાડવાનો પ્રયત્ન દરમિયાન રેડ્ડીને પકડી લેવાયા. હાલ પોલીસ એ તપાસ કરી રહી કે ત્યાં આવવા પાછળ શાંતનુ રેડ્ડીનો હેતુ શુ હતો.

ભારતના 'જેમ્સ બોન્ડ' કહેવાતા અજીત ડોભાલ પાકિસ્તાન અને ચીનની આંખોમાં કાંટાની જેમ ખૂચે છે.





## અયોધ્યા લખનૌ હાઈવે પર ગંભીર અકસ્માતમાં સુરતના છનાં મોત

**કાર ટ્રક સાથે ટકરાતાં ગમખ્વાર અકસ્માત :સુરતના વેપારી તેમના પરિવાર સાથે ઘરે આવી રહ્યા હતા અને તે દરમિયાન તેમન ગમખ્વાર અકસ્માત નડ્યો**

લખનૌ , તા.૧૬


ભારતમાં કોરોના વાયરસની પહેલી લહેર દરમિયાન લાગુ કરાયેલા લોકડાઉન લાગુ કરવામાં આવ્યું હતું અને આ દરમિયાન ભારતમાં કોરોના સામે લડાઈ ચાલી રહી હતી તો બીજી તરફ રોડ અકસ્માત લગભગ શૂન્ય થઈ ગયા હતા. જોકે, ફરી એકવાર દેશમાં રોડ અકસ્માતોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. આજે સવારે ઉત્તરપ્રદેશમાં સર્જાયેલા અકસ્માતે સૌ કોઈને હચમચાવી દીધા છે. અયોધ્યા-લખનૌ હાઈવે પર સર્જાયેલા અકસ્માતમાં એક જ પરિવારના ૬ લોકોના મોત થઈ ગયા છે. આ પરિવાર કારમાં જઈ રહ્યો હતો ત્યારે અકસ્માત સર્જાયો હતો જેમાં ૬ના મોત થઈ ગયા હતા. બનાવની જાણ થતા પોલીસના કાફલાએ ઘટના સ્થળ પર પહોંચીને તપાસ શરુ કરી છે.

એક જ પરિવારના ૬ સભ્યોના મોતની ઘટનાએ સૌ કોઈને હચમચાવી દીધા છે. યુપીમાં બનેલી ઘટના સાથે ગુજરાતનું પણ કનેક્શન સામે આવ્યું છે.

આ અકસ્માત અયોધ્યા-લખનૌ હાઈવે પર બારાબંકી જિલ્લાના નારાણયણપુરમાં બન્યો હતો. અકસ્માતમાં કાર ટ્રક સાથે અથડાયા બાદ ભૂક્કો બોલી ગઈ હતી. અકસ્માત એવો સર્જાયો હતો કે તેમાંથી મૃતદેહોને બહાર કાઢવા માટે બચાવ ટીમે ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. તસવીરમાં જોઈ શકાય છે કે આખી કારનો આગળનો ભાગ ભૂક્કો બોલી ગયો હતો. બારાબંકીના એડિશનલ સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોલીસ પૂર્ણેન્દુ સિંઘ જણાવે છે કે, આ અકસ્માતની ઘટના વહેલી સવારે ૩ વાગ્યાની આસપાસ કાર લખનૌથી અયોધ્યા તરફ જઈ રહી હતી ત્યારે બની હતી. જેમાં

● અનુસંધાન પાન-૭ પર

**૨૮મી પુણ્યતિથિ નિમિત્તે પૂર્વ મુખ્યમંત્રી સ્વ. ચીમનભાઈ પટેલને હાર્દિક શ્રદ્ધાંજલિ**



- સરદાર વલ્લભભાઈ એજ્યુકેશન ટ્રસ્ટ
- સરદાર વલ્લભભાઈ સહકારી બેંક

સિદ્ધાર્થ પટેલ | સુહૃદ પટેલ | સુજાતા શાહ
ડૉ. વિરાજપટેલ | પ્રિતી પટેલ | વિવેક શાહ

હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તા. ૧૭/૦૨/૨૦૨૨ના રોજ પ્રાર્થના સભા રાખેલ નથી